# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫ તા.૧૯-૦૬-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે :

**વિષય : દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિવિધ એલાઉન્સ તેમજ દિકરીઓને ગર્લ્સ સ્ટાઈપેન્ડ આપવા બાબત.**

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા, આઈઈડી શાખા અન્વયે મ્યુનિ. કોર્પોરેશન હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓના ધો.૧ થી ૮માં ભણતા વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા દિવ્યાંગ બાળકોને રાજય કચેરી દ્વારા ડીબીટી અંતર્ગત શૈક્ષણિક સહાય (એસ્કોર્ટ, ટ્રાન્સપોર્ટ, રીડર એલાઉન્સ, દિવ્યાંગ દિકરીઓને ગર્લ્સ સ્ટાઈપેન્ડ અને હોમ બેઝ એજયુકેશન)ની ગ્રાન્ટ જે તે વિદ્યાર્થીઓના ખાતામાં ડાયરેકટ પેમેન્ટ પધ્ધતિથી **RTGS** દ્વારા ફાળવવામાં આવનાર છે.

મ્યુનિ.સંચાલિત તમામ પ્રા.શાળાઓમાં દિવ્યાંગતા ધરાવતા તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ તેમજ રિસોર્સરૂમમાં આવવા-જવા માટે **એલાઉન્સ** આપવામાં આવે છે. જેમાં ૨૧ કેટેગરીમાં આવતા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને જરૂરીયાત મુજબ ૪૦ % કે તેથી વધુનું દિવ્યાંગતાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર અને જરૂરી ધારાધોરણો મુજબની પાત્રતા ધરાવતા હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ અને કલસ્ટર કક્ષાના રિસોર્સરૂમમા સમયસર આવી શકે તે માટે તેઓને સહાય સ્વરૂપે એલાઉન્સનો લાભ આપવામાં આવનાર છે.

આમ, તમામ શાળાઓના મુખ્ય શિક્ષકોએ પોતાના કલસ્ટરના સ્પે.એજયુકેટર/ વિશિષ્ટ શિક્ષકનો તાત્કાલિક સંપર્ક કરી ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા તમામે તમામ જેમાં બાળક દીઠ માસિક સહાય માટે આ સાથે બિડાણમાં સામેલ નિયત નમુનામાં માંગવામાં આવેલ તમામ પ્રકારની ચોકસાઈપુર્વક માહિતી મેળવી એકસલ ફાઈલમાં(Arial fonts)(અંગ્રેજી)માં કેપિટલમાં જ બનાવીને દિન-૩ માં તૈયાર કરી સ્પે.એજયુકેટર/ વિશિષ્ટ શિક્ષક મારફત આપના ઝોન યુઆરસી કો.ઓર્ડિનેટરને મોકલી આપવાની રહેશે. જે તમામ પ્રાથમિક શાળાઓ અને સરકારી માધ્યમિક (મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત) શાળાઓની માહિતી પુર્ણ થયા બાદ કલસ્ટરના સ્પે.એજયુકેટર/ વિશિષ્ટ શિક્ષકે તેના હસ્તકની તમામ શાળાઓ પાસેથી સચોટ માહિતી મેળવેલ છે તે અંગેનું પ્રમાણપત્ર પોતાના ઝોન યુઆરસી કો.ઓર્ડિનેટરને આપવાનું રહેશે. ઝોન યુઆરસી કો.ઓર્ડિનેટરે તેમના ઝોનની તમામ શાળાઓની સચોટ અને ચોકસાઈ પુર્વકની માહિતી મેળવેલ છે તે અંગેની એકસલશીટ સહિત માગ્યા મુજબની તમામ માહિતી અંગેનું પ્રમાણપત્ર એડિ. જિલ્લા પ્રો.કો.ઓર્ડિનેટરની કચેરીને દિન-૭ માં મળી રહે તે રીતે આપના સહી-સિકકા સાથે હાર્ડ અને સોફટ કોપીમા જમા કરાવવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ આવેલ દરખાસ્ત તેમજ અપુર્ણ કે ક્ષતિવાળી દરખાસ્તને ધ્યાનમાં લેવામાં આવશે નહી. આ અંગેની માહિતી મોકલવામાં વિલંબ થશે તેમજ બાળકો સદર લાભથી વંચિત રહેશે કે આ અંગે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી આપની અંગત રહેશે.

નોંધ : જે દિવ્યાંગ વિદ્યાર્થીના એકાઉન્ટ પોસ્ટ ઓફિસ, સહકારી બેંક કે ખાનગી બેંકના એકાઉન્ટ હશે તો તે માન્ય ગણાશે નહીં.

બિડાણ:- દરખાસ્ત ફોર્મ (પત્રક-૧ એકસલ કોપી)

તા.૧૯-૦૬-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# IED અંતર્ગત સમાવિષ્ટ થતી દિવ્યાંગતાની યાદી
## YEAR : 2024-25

| CODE No. | Name of Disability | દિવ્યાંગતાનું નામ |
|---|---|---|
| 1 | Blindness | સંપુર્ણ દ્રષ્ટિહીન |
| 2 | Low-vision | અલ્પદ્રષ્ટિ |
| 3 | Hearing Impairment | શ્રવણમંદતા |
| 4 | Speech disability | વાચા અને ભાષાની દિવ્યાંગતા |
| 5 | Locomotor Disability | શારીરિક હલન-ચલનની દિવ્યાંગતા |
| 6 | Mental Illness | માનસિક બીમારી |
| 7 | Learning Disabilities | શીખવામાં દિવ્યાંગતા |
| 8 | Cerebral Palsy | મગજનો લકવો |
| 9 | Autism | સ્વલીનતા |
| 10 | Multi Disability | બહુદિવ્યાંગતા |
| 11 | Leprosy Cured | કુષ્ઠરોગમાથી સાજા થયેલ |
| 12 | Dwarfism | ઠીંગણાપણું |
| 13 | Intellectual Disability | બૌધિક દિવ્યાગતા |
| 14 | Muscular Dystrophy | સ્નાયુઓની વિકૃતિ |
| 15 | Chronic Neurological conditions | દીર્ઘકાલીન જ્ઞાનતંત્રીય બીમારી |
| 16 | Multiple Sclerosis | બહુવિધ સ્કલેરોસિસ |
| 17 | Thalassemia | થેલેસેમિયા |
| 18 | Hemophilia | રક્તસ્ત્રાવ |
| 19 | Sickle Cell disease | એનેમીયા |
| 20 | Acid Attack victim | એસીડ હુમલાનો ભોગ બનેલ |
| 21 | Parkinson's disease | કંપવાત |

# Patrak-1

## Detail Information of CwsN Students are Enrolled in Std. 1 to 8 for the Year 2024-25

### Eligible CwSN Bank Account Details

| | Basic Information of CwsN | | | | | | | | | | Bank Account Details | | | | | Name of School Principal & Sp. Teachers | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| No: | Block/ Zone | Cluster Name | School DISE | School Name | CwsN Name | Std. | CwSN Aadhar card No. | Boys/ Girls | Disability Name | Degree of Disability (%) | Name as per Bank Passbook | Bank Name | Bank Branch Name | Bank Account Number | IFSC Code | Name of School Principal | School Principal Contact No. | Name of Special Educator | Special Educator Mobile Number |
| ક્રમ | ઝોનનું નામ | ક્લસ્ટરનું નામ | શાળાનો કોડ | શાળાનું નામ | દિવ્યાંગ બાળકનું નામ | ધોરણ | આધારકાર્ડ નં | છોકરો/ છોકરી | દિવ્યાંગતા | ટકાવારી | બેન્ક પાસબુક મુજબનું નામ | બેન્કનું નામ | બ્રાન્ચનું નામ | બેન્ક એકાઉન્ટ નં | કોડ | મુખ્ય શિક્ષકનું નામ | મુખ્ય શિક્ષકનો મોબઈલ નં. | સ્પે. એજ્યુકેટરનું નામ | સ્પે. એજ્યુકેટરનો મોબઈલ નં. |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |